દાખલ તારીખ ૦૪–૧૦–૨૦૨૨
રજુ કર્યા તારીખ ૦૪–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ ૩૦–૧૦–૨૦૨૫
સમયગાળો વર્ષ – માસ – દિવસ
૦૨ – ૧૧ – ૨૬

**મોડાસાના મે. એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુકામ : મોડાસા. જીલ્લા : અરવલ્લી.**

-----------------------------------

**<u>ક્રિમીનલ કેસ નં. ૧૮૩૭ / ૨૦૨૨</u>**
**<u>આંક :–</u>**

**<u>ફરીયાદી:</u>**– ધી સ્ટેટ ઓફ ગુજરાત

<u>વિરૂધ્ધ</u>

**<u>આરોપીઓ</u>:–** અનવરમીયાં કાલુમીયાં શેખ
રહે.હડીયોલ પુલ છાપરીયા, કસ્બા,
તા–હિંમતનગર, જી.સા.કાં.

**<u>ગુન્હો</u> :–** ઈ.પી.કો.કલમ : ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ

-----------------------------------

ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન : એ.પી.પી.શ્રી એમ.વાય.દુર્વેશ
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી : આર.ડી.કુમ્પાવત

-----------------------------------

**-:: ઠ રા વ ::-**

(૧).. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ મોજે લીંભોઈ ગામની સીમમાં ખુમાપુર પાટીયા નજીક મોડાસા થી મેઢાસણ તરફ જતા રોડ ઉપર તા.૭/૦૧/૨૦૨૨ નારોજ કલાક ૧૬/૦૦ વાગ્યાના સમયે પોતાના કબજાની સી.એન.જી. રીક્ષા નં. જી.જે.૦૯ એ.એકસ. ૪૬૧૪ પૂરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી મોડાસાથી મેઢાસણ તરફ જતા રોડ ઉપર ખુમાપુર પાટીયા નજીક લીંભાઈ તરફ જતા રોડ ઉપર વાળી દઈ સામેથી આવતી બજાજ પલ્સર મોટર સાયકલ નં. જી.જે.૩૧ પી. ૦૧૯૧ ને ટકકર મારી સાહેદ અજયકુમાર ઈન્દ્રસિંહ મકવાણાને જમણા પગે તથા ડાબા હાથે ફેકચર કરી તથા શરીરે ઓછા વધતી ઈજાઓ કરી તથા સી.એન.જી. રીક્ષામાં બેસેલ મહીલા મુસાફર લક્ષ્મીબેન વા/ઓ કૃપાલસિંહ બાબુસિંહ પુંજારા નાઓને જમણા પગે ફેકચર કરી તથા શરીરે ઓછા વધતી ઈજાઓ કરી પોતાના કબજાની સી.એન.જી. રીક્ષા મુકી નાસી જઈ ઈ.પી.કો. કલમ : ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો હોઈ આ કામના ફરિયાદી શ્રી ઈન્દ્રસિંહ વકતુસિંહ મકવાણા નાઓએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં હાલના ગુન્હાની ફરિયાદ આપતાં ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલો, બાદમાં આ કામે ગુન્હાની તપાસ કરતાં આ કામના આરોપી સામે ગુન્હો બનતો હોઈ હાલના કામના

આરોપી સામે તા: ૦૪–૧૦–૨૦૨૨ ના રોજ હાલનું આ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરવામાં આવેલ છે.

(૨).. આ કામના આરોપીને ના.કોર્ટ દવારા સમંસ કરવામાં આવેલો. જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. તે બાદ સદરહુ આરોપીને તેમની વિરુધ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. તે બાદ આરોપીની પ્લી આંક–૦૭ તળે નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ તેમની સામેના ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલુ.

(૩).. ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

<u>**મૌખિક પુરાવો : –**</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | આંક–૧૩ | ઈન્દ્રસિંહ વકતુસિંહ મકવાણાની જુબાની | ફરીયાદી |
| ૨. | આંક–૧૫ | અજયભાઈ ઈન્દ્રસિંહ મકવાણાની જુબાની | સાહેદ |
| ૩. | આંક–૧૬ | લક્ષ્મીબેન કૃપાલસિંહ પુજારાની જુબાની | સાહેદ |
| ૪. | આંક–૨૨ | મહેશસિંહ બકુસિંહ મકવાણાની જુબાની | પંચ સાહેદ |
| ૫. | આંક–૨૪ | ગીરીશભાઈ પુંજાભાઈ મકવાણાની જુબાની | પંચ સાહેદ |
| ૬. | આંક–૨૫ | અશોકભાઈ જીવાભાઈ પુજારાની જુબાની | પંચ સાહેદ |
| ૭. | આંક–૨૭ | જવાનસિંહ મોહનસિંહ ચૌહાણની જુબાની | પંચ સાહેદ |
| ૮. | આંક–૩૨ | નીરવભાઈ અશ્વિનભાઈ પટેલની જુબાની | સાહેદ |
| ૯. | આંક–૩૪ | મધીબેન બાબુભાઈ પુંજારાની જુબાની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | આંક–૩૫ | અલ્પાબેન પ્રકાશભાઈ વણજારાની જુબાની | સાહેદ |
| ૧૧. | આંક–૩૮ | ભૂપતસિંહ છબસિંહ ચૌહાણની જુબાની | સાહેદ |
| ૧૨. | આંક–૩૯ | પરેશકુમાર સરદારસિંહ ચૌહાણની જુબાની | સાહેદ |
| ૧૩. | આંક–૪૦ | રણજીતકુમાર વકતાભાઈ મકવાણાની જુબાની | સાહેદ |
| ૧૪. | આંક–૫૨ | ચીરાગકુમાર રસિકલાલ પટેલની જુબાની | મેડી.ઓફી. |
| ૧૫. | આંક–૫૬ | ડો.વિપુલકુમાર લક્ષ્મણભાઈ કુવાડની જુબાની | મેડી.ઓફી. |
| ૧૬. | આંક–૬૩ | ડો.અમીબેન હેમંતકુમાર પટેલની જુબાની | મેડી.ઓફી. |
| ૧૭. | આંક–૬૮ | ગુણવંતભાઈ લેબાભાઈ વણકરની જુબાની | ત.ક.અધી. |

**દસ્તાવેજી પુરાવો :–**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧૪ | ફરીયાદની ખરી નકલ |
| ૨. | આંક–૨૩ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩. | આંક–૨૬ | અકસ્માતમાં સંડોવાયેલ વાહનનુ પંચનામુ |
| ૪. | આંક–૫૩ | સા.લક્ષ્મીબેનની ડીસ્ચાર્જ સમરી |
| ૫. | આંક–૫૪ | સા.લક્ષ્મીબેનનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૬. | આંક–૫૭ | સા.અજયકુમારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૭. | આંક–૬૪ | પોલીસ ઈન્ફોર્મ ફોર્મ |
| ૮. | આંક–૬૫ | સા.લક્ષ્મીબેનની સારવાર અંગેનુ કેસ પેપર |
| ૯. | આંક–૬૬ | સા.લક્ષ્મીબેનનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૦. | આંક–૬૯ | સુચિપત્ર |

(૪)..ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દા //**

**(૧).** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ મોજે લીંભોઈ ગામની સીમમાં ખુમાપુર પાટીયા નજીક મોડાસા થી મેઢાસણ તરફ જતા રોડ ઉપર તા.૭/૦૧/૨૦૨૨ નારોજ કલાક ૧૬/૦૦ વાગ્યાના સમયે પોતાના કબજાની સી.એન.જી. રીક્ષા નં. જી.જે.૦૯ એ.એકસ. ૪૬૧૪ પૂરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી મોડાસાથી મેઢાસણ તરફ જતા રોડ ઉપર ખુમાપુર પાટીયા નજીક લીંભાઈ તરફ જતા રોડ ઉપર વાળી દઈ સામેથી આવતી બજાજ પલ્સર મોટર સાયકલ નં. જી.જે.૩૧ પી. ૦૧૯૧ ને ટકકર મારી સાહેદ અજયકુમાર ઈન્દ્રસિંહ મકવાણાને જમણા પગે તથા ડાબા હાથે ફેકચર કરી તથા શરીરે ઓછા વધતી ઈજાઓ કરી તથા સી.એન.જી. રીક્ષામાં બેસેલ મહીલા મુસાફર લક્ષ્મીબેન વા/ઓ કૃપાલસિંહ બાબુસિંહ પુંજારા નાઓને જમણા પગે ફેકચર કરી તથા શરીરે ઓછા વધતી ઈજાઓ કરી પોતાના કબજાની સી.એન.જી. રીક્ષા મુકી નાસી જઈ ઈ.પી.કો. કલમ : ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલા છે ?

**(૨).** શું હુકમ ?

**(૫)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

**// નિર્ણયો //**

(૧). મુદ્દા નંબર-૧: નકારમાં

(૨) મુદ્દા નંબર-૨: આખરી હુકમ મુજબ.

## // કારણો //

**મુદ્દા નં. ૧ :–**

(૬)..આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્ર સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુન્હામાં આરોપી વિરૂધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે.

(૭)..સદર કામે ફરીયાદી : ઈન્દ્રસિંહ વકતુસિંહ મકવાણાએ આંક : ૧૩ થી તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે સને ૧૯૯૬ થી હુ ફોરેસ્ટ વિભાગમાં રોજમદાર તરીકે અલગ અલગ જગ્યાએ ફરજ બજાવુ છુ.છેલ્લે હુ મેઢાસણ નર્સરી માં ફરજ બજાવતો હતો. પરીવાર માં મારે એક બેબી સેજલબેન અને દીકરો અજયકુમાર છે. બનાવ તા.૭/૧/૨૦૨૨ ના રોજ બનેલો. બનાવ વખતે હુ મારી ફરજ પર મેઢાસણ નર્સરી ખાતે ફરજ પર હાજર હતો. મારો દીકરો અજય ઘરેથી બાઈક લઈને મોડાસા નીકળેલો. મોડાસા થી પરત ઘરે આવતા દીવસે ચાર વાગે બનાવ બનેલો. મારા દીકરાને ખુમાપુર પાટીયા પાસે તેની બાઈકને રીક્ષા વાળાએ અકસ્માત કરેલો. આ રીક્ષા રાજેન્દ્રનગર થી મોડાસા આવતી

હતી અને આ રીક્ષા લીભોઈ ગામ બાજુ વગર સીગ્નલ વળતા મારા દીકરાની બાઈક રીક્ષા જોડે અથડાઈ ગયેલી. આ રીક્ષાનો નંબર જી.જે.૦૯ એકસ ૪૬૧૪ ની હતી. અકસ્માતની જાણ મારા નાના ભાઈ રણજીતભાઈ એ ફોન થી કરેલી. બનાવ ની જાણ થતા હુ ખુમાપુર પાટીયા પાસે આવેલો. મે જોયુ તો મારો દીકરો નીચે પડી ગયેલ હતો અને બાઈક અને રીક્ષા પડેલ હતી. ત્યા ટોળુ હતુ. ટોળા માંથી કોઈએ ૧૦૮ ને ફોન કરેલો અને ૧૦૮ વ્હીકલ આવતા મારા દીકરાને મોડાસા વિશ્વા ઓર્થોપેડીક હોસ્પીટલ માં લઈ ગયેલા. મારા દીકરાને અકસ્માતમા જમણા પગે અને ડાબા હાથે ખભા ઉપર અને કોણી ના નીચેના ભાગે વાગેલુ. ડોકટરે મને કહેલ કે વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવું પડશે તેમ કહેતા અમે મારા દીકરાને કેર એન્ડ કયોર હોસ્પીટલ મણીનગર અમદાવાદ માં લઈ ગયેલા. ત્યા મારા દીકરા અજયની સારવાર કરેલ. અમે ફરીયાદ તા.૯/૧/૨૦૨૨ ના રોજ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન માં આપેલી. આરોપીને હુ ઓળખી શકુ નહી. મે પાછળથી જાણેલ કે રીક્ષામાં બેસેલ એક બહેનને વાગેલુ. જેનુ નામ મને ખબર નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા સાહેદે સ્વીકારેલ છે કે બનાવ વાળી જગ્યા મોડાસા હિંમતનગર હાઈવે વાળી જગ્યા છે. હાઈવે પર અનેક વાહન આવતા જતા હોય છે.

બનાવ ની હકીકત મારા ભાઈએ મને જણાવેલી. હુ પહોચ્યો ત્યારે ત્યા ઘણા બધા માણસો ઉભેલા હતા અને વાહન હતા. સ્વાભાવિક રીતે રીક્ષાની ગતિ કરતા બાઈક ની ગતિ વધારે હોય છે. ફરીયાદ બનાવ ના બે દીવસ પછી આપેલ છે. વધુમાં કબુલ કરેલ છે કે મે વળતર મેળવવા અકસ્માત કલેઈમ કરેલ છે.

ઉપરોકત સાહેદની જુબાની લક્ષે લેતાં જણાઈ આવે છે કે તેમણે કરેલ ફરીયાદને અનુરૂપ જુબાની આપેલ છે. તેમણે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેમણે વળતર મેળવવા અકસ્માત કલેઈમ કરેલ છે અને સદર કલેઈમ મંજુર કરાવવા હાલની ફરીયાદ આપી હાલની જુબાની આપેલ છે. તેમણે તેમની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ આરોપીને ઓળખતા નથી. માત્ર સ્થળ ઉપર રીક્ષા પડેલ હોઈ તેનાથી અકસ્માત થયેલ હોવાનુ જણાવે છે. આમ ઉપરોકત જુબાની તેમની આપેલ ફરીયાદને સમર્થનકારી પુરાવો માની શકાય નહી.

(૮).. સદર કામે સાહેદ : અજયભાઈ ઈન્દ્રસિંહ મકવાણાએ આંક : ૧૫ થી તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે ફરીયાદી મારા પિતા છે. તા.૧/૭/૨૦૨૨ ના રોજ બનાવ બનેલો. બાઈક લઈને

હુ મોડાસા આવેલો મારી બાઈક નો નંબર જી.જે.૩૧ પી.૦૧૯૧ છે. મોડાસા કામે આવેલો અને ૨ થી ૩ વાગ્યાના વચ્ચે હુ મારુ બાઈક લઈ ઘરે પરત ફરતો હતો. હુ ખુમાપુર ચોકડી આવેલો ત્યારે મારી બાઈકને રીક્ષા થી અકસ્માત થયેલો. રીક્ષા હિંમતનગર બાજુથી આવતી હતી. રીક્ષા વાળો જોયા વગર લીભોઈ સાઈડ વળી ગયેલો. આ અકસ્માતમાં મને જમણા પગે હાડકા તુટી ગયેલા અને ડાબા હાથે કલાઈના ભાગે ફ્રેકચર થયેલુ અને જમણા ખભા ઉપર ફ્રેકચર થયેલુ. અકસ્માત થતા હુ બેભાન થઈ ગયેલો. મને પહેલા મોડાસા સારવાર માટે લઈ ગયેલા અને પછી અમદાવાદ લઈ ગયેલા. રીક્ષા કોણ ચલાવતુ હતુ હું તેને જોએથી ઓળખી શકુ નહી ફરીયાદ મારા પિતાએ આપેલી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા સાહેદે સ્વીકારેલ છે કે બનાવ વાળી જગ્યા મોડાસા હિંમતનગર હાઈવે પર છે.એ વાત ખરી છે કે હાઈવે પર ઘણી બધી પેસેન્જર રીક્ષાની અવરજવર થતી હોય છે. બાઈકની સ્પીડ કરતા રીક્ષાની સ્પીડ ઓછી હોય. બનાવ વાળો અકસ્માત થતા હુ બેભાન થતા મે વાતોવાતથી પાછળથી જાણેલુ. બનાવ ની મને કોઈ જાત માહિતી નથી. વળતર મેળવવા અકસ્માત કલેઈમ કરેલ છે.

ઉપરોકત સાહેદની જુબાની લક્ષે લેતાં જણાઈ આવે છે કે ફરીયાદી સદર સાહેદના પિતા થાય છે અને તેમણે તેના પિતાની ફરીયાદના સમર્થનમાં જુબાની આપેલ છે. તેમણે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેમણે વળતર મેળવવા અકસ્માત કલેઈમ કરેલ છે. વધુમાં કબુલ કરેલ છે કે બાઈકની સ્પીડ રીક્ષાની સ્પીડ કરતા વધુ હોય. જેથી એમ માની શકાય કે રીક્ષા ચાલકની નહી પરંતુ બાઈક ચાલકની બેદરકારીથી અકસ્માત થયેલ હોય. વધુમાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે અકસ્માત થતાં તેઓ બેભાન થઈ ગયેલા અને અકસ્માત અંગે તેઓને કોઈ જાતમાહીતી નથી. આમ ઉપરોકત જુબાની સબળ અને સચોટ પુરાવો માની શકાય નહી.

(૯).. સદર કામે સાહેદ : લક્ષ્મીબેન કૃપાલસિંહ પુંજારાએ આંક : ૧૬ થી તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ ૭/૧/૨૦૨૨ રોજ બનેલો.હુ રીક્ષામાં મારા જેઠાણી તથા સાસુ સાથે અમારા ઘરે આવતા હતા. ખુમાપુર પાટીયા પાસે બાઈક સાથે રીક્ષાનો અકસ્માત થયેલો. મને જમણા પગે વાગેલું. મારો જમણો પગ આ

અકસ્માત માં ભાંગી ગયેલો. ત્રણ ફેકચર થયેલા. બાઈક વાળા ને ઈજા થયેલી. બાઈક વાળાને શુ ઈજા થયેલી તે મને ખબર નથી. મને સાર્વજનીક હોસ્પીટલ માં મોડાસા મા સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ મોડાસા માં સત્યમ હોસ્પીટલ માં લઈ ગયેલા. હુ રીક્ષા વાળાને જોએથી ઓળખી શકુ. કોર્ટ માં જોઈને કહુ છુ કે તે રીક્ષા વાળા કોર્ટ માં હાજર નથી. આરોપી કોર્ટ માં હાજર છે પરંતુ સાહેદ જોઈને ઓળખી શકેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા સાહેદે સ્વીકારેલ છે કે બનાવ વાળી જગ્યા મોડાસા હિંમતનગર હાઈવે પર છે. હાઈવે પર ઘણી બધી પેસેન્જર રીક્ષાની અવરજવર થતી હોય છે. હુ રીક્ષામાં પાછળ ના ભાગે બેઠેલ હતી. મને વાગી ગયેલ હોય ત્યા માણસો ભેગા થયેલા કે કેમ તેની મને ખબર નથી. બનાવ પછી હું બેભાન થઈ ગયેલ હતી. રીક્ષા પલટી ખાધેલી એટલી મને ખબર છે. વધુમાં કબુલ કરેલ છે કે કોર્ટ માં અકસ્માત વળતર મેળવવા અરજી કરેલ છે.

ઉપરોકત સાહેદની જુબાની લક્ષે લેતાં જણાઈ આવે છે કે તેઓ જે રીક્ષાનો અકસ્માત થયેલ તે રીક્ષામાં બેઠેલ હતા તેવુ જણાવે છે અને રીક્ષા ચાલકને જોયેથી ઓળખી શકે તેમ જણાવે છે પરંતુ

આરોપી નામ.કોર્ટમાં હાજર હોવા છતાં આરોપીને ઓળખી શકેલ નહી. જેથી હાલના આરોપીએ જ અકસ્માત કરેલ છે તેમ માની શકાય નહી.

(૧૦).. સદર કામે ફરીયાદ પક્ષે આંક–૨૨ થી પંચ સાહેદ મહેશસિંહ બકુસિંહ મકવાણાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ જાન્યુઆરી ૨૦૨૨ માં બનેલો પોલીસે મને પંચમાં રહેવા ખુમાપુર પાટીયા પાસે બોલાવેલા અને પોલીસે અમોને પંચમાં રહેવા સમજ કરેલી મે જોયેલ તો અકસ્માત વાળી જગ્યાએ બાઈક પડેલ જે બાઈક નો નંબર મને યાદ નથી. બાઈકની સ્થિતિ તુટેલી હતી અને બહુ નુકસાન થયેલ હતુ. આ બાઈક ખુમાપુર પાટીયા પાસે પડેલ હતુ. આ રોડ મોડાસા થી રાજેન્દ્રનગર તરફ જવાનો રોડ અને જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાની આજુબાજુ ખુલ્લા ખેતરો આવેલ છે તે બાબતનુ પંચનામુ મે જોઈને લખાવેલ . સાહેદે ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે આ બનાવ મે નજરો નજર પણ જોયેલ. આ બાઈક વાળો સી.એન.જી.રીક્ષા જોડે અથડાયેલ અને બાઈક વાળાને ઈજા થયેલી તે મે બાઈક વાળા ને ઓળખુ છુ અને તે ઈજા પામનાર નુ નામ મકવાણા અજયસિંહ છે. રીક્ષા વાળો સ્થળ પરથી નાસી ગયેલો.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા સાહેદે સ્વીકારેલ છે કે બનાવવાળી રીક્ષાનો નંબર મને અબર નથી. રીક્ષા કોની માલીકીની હતી તે મને ખબર નથી. વધુમાં કબુલ કરેલ છે કે પંચનામામાં મે લખાવેલ હોય તે રીતે પોલીસે લખેલ હોય તેવુ બનેલ નથી.

ઉપરોકત પંચ સાહેદની જુબાની લક્ષે લેતાં જણાઈ આવે છે કે પોલીસે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આ પંચની હાજરી માં કરેલ. પરંતુ પોલીસે પંચના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ નથી પરંતુ ફરીયાદને અનુરૂપ પંચનામુ લખી લીધેલ અને ત્યારબાદ તેમા પં ચોની સહી લીધેલ છે. વધુમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ સાબિત થાય તો પણ કયા આરોપીની બેદરકારીથી અકસ્માત થયેલ હોય તેવુ પંચનામાની હકીકતથી સાબિત થતુ નથી.

**(૧૧)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૨૪ થી પંચ સાહેદ ગીરીશભાઈ પુંજાભાઈ મકવાણાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ જાન્યુઆરી ૨૦૨૨ માં બનેલો પોલીસે મને પંચમાં રહેવા ખુમાપુર

પાટીયા પાસે બોલાવેલા અને પોલીસે અમોને પંચમાં રહેવા સમજ કરેલી મે જોયેલ તો અકસ્માત વાળી જગ્યાએ બાઈક પડેલ જે બાઈક નો નંબર મને યાદ નથી. બાઈકની સ્થિતિ તુટેલી હતી અને બહુ નુકસાન થયેલ હતુ. આ બાઈક ખુમાપુર પાટીયા પાસે પડેલ હતુ. આ રોડ મોડાસા થી રાજેન્દ્રનગર તરફ જવાનો રોડ અને જે જગ્યાએ બનાવ બનેલ તે જગ્યાની આજુબાજુ ખુલ્લા ખેતરો આવેલ છે તે બાબતનું પંચનામું મે જોઈને લખાવેલ. સદર પંચ સાહેદે પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવે છે કે આ બનાવ મે નજરો નજર પણ જોયેલ. આ બાઈક વાળો સી.એન.જી.રીક્ષા જોડે અથડાયેલ અને બાઈક વાળાને ઈજા થયેલી તે મે બાઈક વાળા ને ઓળખુ છુ અને તે ઈજા પામનાર નુ નામ મકવાણા અજયસિંહ છે. રીક્ષા વાળો સ્થળ પરથી નાસી ગયેલો.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા સાહેદે સ્વીકારેલ છે કે બનાવવાળી રીક્ષાનો નંબર મને અબર નથી. રીક્ષા કોની માલીકીની હતી તે મને ખબર નથી. વધુમાં કબુલ કરેલ છે કે પંચનામામાં મે લખાવેલ હોય તે રીતે પોલીસે લખેલ હોય તેવુ બનેલ નથી.

ઉપરોકત પંચ સાહેદની જુબાની લક્ષે લેતાં જણાઈ આવે છે કે પોલીસે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આ પંચની હાજરી માં કરેલ. પરંતુ પોલીસે પંચના લખાવ્યા મુજબ પંચનામુ લખેલ નથી પરંતુ ફરીયાદને અનુરૂપ પંચનામુ લખી લીધેલ અને ત્યારબાદ તેમા પંચોની સહી લીધેલ છે. વધુમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ સાબિત થાય તો પણ કયા આરોપીની બેદરકારીથી અકસ્માત થયેલ હોય તેવુ પંચનામાની હકીકતથી સાબિત થતુ નથી.

**(૧૨)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૨૫ થી પંચ સાહેદ અશોકભાઈ જીવાભાઈ પુંજારાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે પોલીસે મારી એક કાગળ માં સહી લીધેલી. રીક્ષા માટે નુ કોઈ કામ હતુ. કાગળ માં શુ લખેલ હતુ તે મને ખબર નથી. મારી હાજરી માં કોઈ રીક્ષા કબજે લીધેલ નથી. આમ, સદર પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, હાલના પંચ સાહેદનો પુરાવો જોતાં આ પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતો

પુરાવો આપેલ નથી. જેથી આ કામે આંક–૨૬ નું પંચનામું પુરવાર થયેલું નથી.

(૧૩).. સદર કામે ફરીયાદ પક્ષે આંક–૨૭ થી પંચ સાહેદ જવાનસિંહ મોહનસિંહ ચૌહાણએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે પોલીસે મારી એક કાગળ માં સહી લીધેલી. રીક્ષા માટે નુ કોઈ કામ હતુ. કાગળ માં શુ લખેલ હતુ તે મને ખબર નથી. મારી હાજરી માં કોઈ રીક્ષા કબજે લીધેલ નથી. આમ, સદર પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, હાલના પંચ સાહેદનો પુરાવો જોતાં આ પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. જેથી આ કામે આંક–૨૬ નું પંચનામું પુરવાર થયેલું નથી.

(૧૪).. સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૨ થી સાહેદ નિરવભાઈ અશ્વિનભાઈ પટેલએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે મારુ ખેતર ખુમાપુર ચાર રસ્તા પાસે આવેલ છે. બનાવ સમયે હુ ખેતર માં હતો.

સમય સાંજના ચાર થી પાચ વાગ્યાના અરસામાં બનાવ બનેલો. બનાવમાં અકસ્માત થયેલો. અવાજ આવતા હુ તે જગ્યાએ ગયેલો. બનાવ વાળો રસ્તો હિંમતનગર મોડાસા વાળો રસ્તો છે. બનાવ ખુમાપુર ચાર રસ્તા પાસે બનેલો. રીક્ષા અને બાઈક ની વચ્ચે અકસ્માત થયેલો. બાઈક વાળા ને ઈજા થયેલી અને પગના ત્રણ ટુકડા થઈ ગયેલા રીક્ષા ત્યા હતી. રીક્ષાનો નંબર જો.જે.૯ ઝેડ.૪૬૧૪ હતો. રીક્ષા વાળો ત્યા હાજર ન હતો. બાઈક વાળા ને ૧૦૮ એમ્બયુલન્સ માં મોડાસા હોસ્પીટલ માં લઈ ગયેલા. હોસ્પીટલ નુ નામ મને ખબર નથી. બાઈક વાળા અજયસિંહના કાકા ભલાભાઈ મકવાણા ને મે જાણ કરેલી. આ સીવાય બીજુ કઈ જાણતો નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે બનાવ વાળી જગ્યા ઘણા બધા સાધાનોની અવર જવર વાળી જગ્યા છે. અકસ્માત થયા પછી હુ ત્યા પહોંચેલો. રીક્ષા કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી. અકસ્માતમાં કયા વાહનની ગતી કેવી હતી તે હું કહી શકુ નહી. બનાવ કોની બેદરકારી થી બનેલો તે હુ કહી શકુ નહી. મે બનાવ નજરોનજર જોયેલ નથી.

**(૧૫)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૪ થી સાહેદ મઘીબેન બાબુભાઈ પુંજારાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે બનાવના દિવસે હું તથા લક્ષ્મીબેન અને અલ્પાબેન પાદરથી શામપુર થઈને ઘરે રીક્ષામા આવતા હતા. ખુમાપુર પાટીયા પાસે મારા દિકરાની વહુ લક્ષ્મીબેનને વાગેલુ એટલે તેનું લોહી જોઈને હુ બેભાન થઈ ગયેલી. રીક્ષાનુ અકસ્માત થયેલું એટલે લક્ષ્મીબેનને વાગેલુ. અકસ્માત કઈ રીતે થયેલ તેની મને ખબર નથી. રીક્ષાની ગતી ઝડપી હતી. રીક્ષા સ્કુટર જેવા વાહન સાથે અથડાયેલી. રીક્ષા ચાલકને હુ જોયેથી ઓળખી શકુ નહી. રીક્ષાનો નંબર મને યાદ નથી. સ્કુટર ચાલક કોણ હતુ તેની મને ખબર નથી કે તેના સ્કુટરનો નંબર મને ખબર નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે કહેવાતો અકસ્માત ખુમાપુર પાટીયા પાસે હાઈવે રોડ પર બનેલો. એ રોડ પર પેસેન્જર રીક્ષાઓ ફરતી હોય છે. અકસ્માત કોની ભુલના કારણે બનેલ તેની મને ખબર નથી. રીક્ષાચાલકનુ નામ વાતોવાતથી જાણેલુ.

**(૧૬)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૫ થી સાહેદ અલ્પાબેન પ્રકાશભાઈ વણજારાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે બનાવના દિવસે હુ તથા લક્ષ્મીબેન, મઘીબેન પાદરથી શામપુર ગયેલા. શામપુર

પાટીયાથી રીક્ષામા બેસી અમો ત્રણેય જણા ઘરે આવવા જામાના છાપરા આવવા નીકળેલા. અમારી રીક્ષાને ખુમાપુર પાટીયા પાસે અકસ્માત થયેલો. અમે અમારી વાતોમા હતા એટલ અકસ્માત કોની જોડે થયેલો અમોને ખબર નથી. આ અકસ્માતમા લક્ષ્મીબેનને વાગેલુ. અકસ્માતમા અમોને પણ જમણા હાથે વાગેલું. લક્ષ્મીબેનને સારવાર સારુ સાર્વજનીક હોસ્પિટલમા ગયેલા પણ કયા વાહનમાં લઈ ગયેલા અને કોણ લઈ ગયેલુ તેની મને ખબર નથી. રીક્ષા કોણ ચલાવતુ હતુ તેની મને ખબર નથી. રીક્ષા ચાલકને હુ જોયેથી ઓળખી શકુ નહી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે અકસ્માતવાળો રસ્તો હાઈવે રોડ છે. એ રોડ પર પેસેન્જર રીક્ષાઓ ફરતી હોય છે. અકસ્માત કઈ રીતે અને કોની જોડે બનેલો તેની મને ખબર નથી.

**(૧૭)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૮ થી સાહેદ ભૂપતસિંહ છબસિંહ ચૌહાણએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે લક્ષ્મીબેન મારી દિકરી થાય છે. મારી દિકરીને અકસ્માત થયેલો તે વખતે હું ખંભીસર મુકામે હતો. મને અકસ્માતની જાણ મારા ભત્રીજા પરેશભાઈએ ફોનથી કરેલી. તેમણે જણાવેલ કે તમારી દિકરી લક્ષ્મીબેનને ખુમાપુર પાટીયા

પાસે અકસ્માત થયેલ છે. જેથી હુ રસ્તા ઉપર જનાર વ્યક્તિની બાઈક ઉપર પાછળ બેસી સ્થળ ઉપર ગયેલો. મે સ્થળ ઉપર જઈ જોયેલ તો બાઈક અને રીક્ષા જોયેલી. મારી બેબી રોડ ઉપર પડેલી હતી તેને વાગેલું હતું. બીજા કોઈને વાગેલું મે જોયેલ નહી. મારી દિકરી રીક્ષામાં બેઠી હતી. મારી દિકરીને ઈકો ગાડીમાં મોડાસા સાર્વજનીક હોસ્પિટલમાં લાવેલા. લક્ષ્મીબેનને પગે અને આંખ ઉપર વાગેલું હતુ. મે રીક્ષા કે બાઈકના નંબર જોયેલ નહી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે બનાવ વખતે હુ ઘરે હતો. બનાવ કેવી રીતે બનેલો તે મે જોયેલ નથી.

(૧૮).. સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૯ થી સાહેદ પરેશકુમાર સરદારસિંહ ચૌહાણએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ કેટલા સમય પહેલા બનેલો તે મને યાદ નથી. બનાવ વખતે હુ મોડાસાથી મારા ઘરે શામપુર બાઈક લઈને જતો હતો, તે વખતે સાંજના ચારેક વાગ્યાના સુમારે ખુમાપુર પાટીયા પાસે ટ્રાફીક થઈ ગયેલ હતુ. મે જોયેલ તો રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત થઈ ગયેલ હતો. ત્યા જોયેલ તો રીક્ષામાં મારી બેન લક્ષ્મીબેન બેઠેલ હતી. જેથી મે બાઈક

સાઈડમાં કરી ઉભી રાખી મારા કાકા ભૂપતસિંહને ફોન કરેલો. તેમને જણાવેલ કે લક્ષ્મીબેનને અકસ્માત થયેલ છે તો તમે તાત્કાલીક સ્થળ ઉપર આવી જાવ. મારા કાકા આવેલા અને લક્ષ્મીબેનને મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઈ ગયેલા. લક્ષ્મીબેનને પગે ઈજા થયેલી. મે રીક્ષા કે બાઈકના નંબર જોયેલ નહી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે કહેવાતા બનાવવાળી જગ્યા મોડાસા હિંમતનગર હાઈવે રોડ છે. ત્યાં ઘણાબધા વાહનોની અવર જવર રહે છે. વધુમાં કબુલ કરેલ છે કે મારી હાજરીમાં બનાવ બનેલ નથી.

**(૧૯)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૪૦ થી સાહેદ રણજીતકુમાર વકતાભાઈ મકવાણાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ બે ત્રણ વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે હુ મારા ઘરે હતો. બનાવની જાણ મને નિરવભાઈએ ફોનથી કરેલી. જેથી હુ ખુમાપુર બસ સ્ટેન્ડ સ્થળ ઉપર ગયેલો. સ્થળ ઉપર જઈને જોયેલ તો રીક્ષાવાળા અને બાઈકવાળાને અકસ્માત થયેલ હતો. રીક્ષાનો નંબર જી.જે.૯ એ.એકસ. ૪૬૧૪ હતો. બાઈકનો નંબર જી.જે.૩૧ ઈ ૦૧૯૧ હતો. અકસ્માતમાં

મારા ભત્રિજા અજયભાઈને ઈજા થયેલી. અજયભાઈને મોડાસા હોસ્પિટલમાં એમ્બ્યુલન્સમાં લઈ ગયેલા. તેને પગે વાગેલું. અકસ્માત કેવી રીતે થયેલો તે હું જાણતો નથી

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે બનાવ મે નજરોનજર જોયેલ નથી.

**(૨૦)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–પર થી સાહેદ ડો. ચીરાગકુમાર રસિકલાલ પટેલએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે હુ મોડાસા ખાતે સત્યમ હોસ્પીટલ (ઓર્થોપેડીક હોસ્પીટલ) ધરાવુ છુ. તા.૭/૧/૨૦૨૨ ના રોજ દર્દી નામે લક્ષ્મીબેન કે. પુજારા ઉ.વ.૨૭ રહેવાસી જામાના છાપરા સારવાર માટે આવેલા. તેઓએ અગાઉ સાર્વજનીક હોસ્પીટલમાં મોડાસા ખાતે પ્રા થમિક સારવાર લીધેલી. દર્દી નામે લક્ષ્મીબેનને જમણા પગના સાંથળના ભાગે ફેકચર હતુ, જમણા પગે ઢીંચણ ની નીચે ના હાડકામાં ફેકચર હતુ અને જમણા પગના આંગળામાં ફેકચર હતુ. દર્દી મારે ત્યા આવેલ ત્યારે દર્દીની હાલત ગંભીર હતી. મે દર્દીની સારવાર કરેલી તેની ડીસ્ચાર્જ સમરી તેમજ કેસ પેપર સાથે લાવેલ છુ. ડીસ્ચાર્જ સમરી સાથે કેસને લગત દર્દી ની હીસ્ટ્રી તથા સારવાર ની નોંધ મારા આસીસ્ટન્ટ ડોકટર રવી પટેલ અને ડો.હિતશ

પટેલ ના હસ્તાક્ષર માં છે તે હીસ્ટ્રી નોંધ આ સાથે સામેલ છે. મે તા.૧ ૨/૨/૨૦૨૨ ના રોજ દર્દી નામે લક્ષ્મીબેન કૃપાલસિંહ પુજારા રહેવાસી –જામાના છાપરા તેઓને સારવાર કરેલી અને તે બાબતનુ ઈજા અંગેનુ મે સર્ટીફીકેટ આપેલું જેમાં મારી સહી છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે સરતપાસમાં જણાવ્યા મુજબની ઈજાઓ માણસ પડી જવાથી અથવા માણસ અથડાઈ જવાથી પણ થઈ શકે.

**(૨૧)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૫૬ થી સાહેદ ડો.વિપુલભાઈ લક્ષમણભાઈ કુવાડએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે હુ કેર એન્ડ કયોર હોસ્પીટલ મણીનગર ખાતે હુ ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવું છું. એક દર્દી નામે અજયકુમાર ઇન્દ્રસિંહ મકવાણા તા.૭/૧/૨૦૨૨ ના રોજ ઉપરોકત હોસ્પીટલ માં સારવાર માટે આવેલા. આ દર્દી પ્રાથમિક સારવાર અન્ય જગ્યાએથી લઈને મારી પાસે આવેલા એટલે મે તેમની આગળની સારવાર કરેલી દર્દી ને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી. ૧. ખુલ્લા ધાવ વાળુ અસંખ્ય ટુકડાઓ વાળુ જમણા ઢીચણથી નીચેના નળા (TIBIA) અને નળી (FIBULA)નુ ફેકચર હતું જેમાં જમણી બાજુના ઢીચણથી નીચેના

પગની મુખ્ય ધમની (TIBIAL ARTERY) કપાઈ ગયેલી હતી. ૨. જમણી બાજુના પગના ઢાકણી નુ હાડકુ (PATELLA) ની હલનચલનની નસ નાચ ફાટી ગયેલ હતી. ૩. જમણી બાજુના ખભા ની હલનચલનની સ્નાયુ (ROTATER CUFF) ફાટી ગયેલ હતા. ૪. ડાબી બાજુના કોણીથી નીચેની બન્ને હાડકા (RADIUS AND ULNA) નુ ફેકચર હતુ. દર્દી મારી પાસે આવતા મે આગળની સારવારમાં તત્કાલની સારવાર કરીને દર્દીનુ ઓપરેશન કરેલ જેમાં તા.૭/૧/૨૦૨૨ ના રોજ પગના નળા અને નળીના ફેકચરનુ. જમણા પગની કપાઈ ગયેલ ધમની, નસ અને સ્નાયુનુ ઓપરેશન પ્લાસ્ટીક સર્જન ડોકટર મૂલચંદ પ્રજાપત ની સાથે રહીને કરેલ. ત્યારબાદ તા.૧૨/૧/૨૦૨૨ ના રોજ ડાબી બાજુના હાથના ઉપર જણાવ્યા મુજબના હાડકાના ફેકચરનું અને જમણી બાજુના ખભાના ફાટી ગયેલ સ્નાયુના ઓપરેશન કરેલ. ત્યારબાદ ઓપરેશન પછીની નીચત સારવાર અને ડ્રેસીંગ યોગ્ય હોય અને દર્દી ની પરીસ્થિતી સુધરતા તા.૧૫/૧/૨૦૨૨ ના રોજ હોસ્પીટલ માંથી દર્દી ને રજા આપેલા અને સારવાર નુ સટીફીકેટ આપેલ . દર્દીને આવી ઈજા વાહન અકસ્માતથી થવાની સંભાવના છે.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે દર્દી જે માહીતી આપે તેના ઉપરથી તેની ઈજા કેટલી જુની છે તે કહી શકાય તેમજ તેના ખુલ્લા ઘાવ ઉપરથી ઈજા કેટલી જુની તે કહી શકાય. મારી પાસે દર્દી આવેલ તે જોતા ૨૪ કલાકથી ઓછી જુની ઈજા હતી. દર્દી મારે ત્યાંથી સારવાર લઈ ગયાના ૩ માસ પછી મે સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે.

**(૨૨)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૬૩ થી સાહેદ ડો.અમીબેન હેમંતકુમાર પટેલએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે હુ મોડાસા સાર્વજનીક હોસ્પિટલમાં છેલ્લા ૧૯ વર્ષથી મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવું છું મારા અભ્યાસમાં એમ.બી.બી.એસ કરેલ છે તા.૭/૦૧/૨૦૨૨ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતી તે વખતે ૪.૧૦ સાજના સમયે દર્દી નામે – લક્ષ્મીબેન કુપાલસિંહ કુંપાવત ઉમંર ૪૦ રહે–જામનાછાપરા, નાઓને તેમના સગા મારફતે લાવેલા અને તેઓના જણાવ્યા પ્રમાણે તેઓને રોડ ટ્રાફીક એકસીડન્ટ બપોરના સડાત્રણ વાગ્યાના અરસામાં તેઓને ઈજા થયેલા જણાવેલ અને આ અકસ્માત ખુમાપુર બસસ્ટેન્ડ મોડાસા જી.અરવલ્લી ખાતે થયેલા જણાવેલ તેઓને અમોએ તથા અમારી સાથેના એફ.એ.પટી વાલાઓએ

તપાસતા પેશન્ટ ભાનમાં હતુ પણ તોફાન કરતુ હતુ તેના નાડીના ધબકારા ૮૮ સામાન્ય હતા બી.પી સામાન્ય હતુ આંખની કીકી નોરમલ હતી અને સ્વસનક્રિયા સામાન્ય હતી અને પેટના ભાગે કોઈ ઈજા થયેલ ન હતી તેઓને નીચે મુજબની ઈજાઓ જોવા મડેલી. ૧) જમણા ઢીચણની પાસે ૧૦×૪×૫ સે.મી ના કપાયેલા અને છુદ્ધાયેલા ઘા હતા. ૨) જમણા પંજો છુદ્ધાયેલો હતો. (૩) જમણા પગના નિચેના ભાગે નાનો ઉડ્ડો ઘા હતો જેમાંથી લોહી આવતુ હતુ. (૪) ૬×૨×૧ કપાયેલા અને છુદ્ધાયેલા ઘા હતા કપાળના વચ્ચેના ભાગે હતું. દર્દીનું જરુરી સારવાર આપી તેઓને વધુ સારવાર માટે પોલીસ યાદી સાથે રીફર કરવામાં આવેલા. આજરોજ હુ મારી સાથે દર્દીનું કેસ પેપર તથા પોલીસ ઇન્ફોમ યાદી તથા ઈજા અંગેનું સર્ટીફીકેટ લાવેલ છુ જે મે મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલ છે તેમાં મારી સહી અને તેમાં હોકાનો સિક્કો છે

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે સરતપાસમાં જણાવેલ તે પ્રમાણે પડી જવાથી કે સખત અથવા બોથલ પદાર્થ પગ ઉપર પડે તો પણ આવી ઈજાઓ થઈ શકે.

**(૨૩)..** સદર કામે ફરીયાદ પક્ષે આંક–૬૮ થી સાહેદ તપાસ કરનાર અધિકારી શ્રી ગુણવંતભાઈ લેબાભાઈ વણકરએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે સને ૨૦૨૨ના વર્ષમાં હુ મોડાસા અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો તા.૯/૧/૨૦૨૨ ના રોજ મોડાસા પુરબ ફસ્ટ ગુ.ર.નં.૦૦૧૫/૨૦૨૨ ઈ.પી.કો.કલમ ૨૭૯,૩૩૭ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો ગુનો નોંધાતા સદર ગુનાની તપાસ પી.એસ.ઓ શ્રીનાઓએ અમોને સોપતા અમોએ સદર ગુનાની તપાસ સંભાળી લીધેલ જે તપાસ અંગેનુ સુચી પત્ર મને બતાવવામાં આવે છે અમારા પી.એસ.ઓશ્રીનાઓ સુચી પત્ર બાનાવીને અમારી રૂબરૂમાં સહી કરેલ હોય જે સુચી પત્રમાં સહી છે. સદર ગુનાના કામે અમોએ પંચોના લખાવ્યા મુજબનું પંચનામું લખી તપાસના કામે સામેલ રાખેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવી તપાસના કામે સામેલ રાખેલ અકસ્માતમાં ઈજા પામનાર આજયકુમાર તથા લક્ષ્મીબેનના સારવારના સર્ટીફીકેટ મેળવી સામેલ રાખેલ તથા સદર ગુનાના કામે અકસ્માત કરનાર રીક્ષા ચાલકના સામે પ્રથમ દર્શનીય ગુનો બનતો હોય તેને અટક કરી જામીન મુકત કરેલો અને તેની સી.એન.જી રીક્ષાના જરૂરી કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ આરોપી વિરૂધ્ધ

પુરતો પુરાવો જણાતા આરોપી વીરૂધ્ધ ચાર્જશીટ કરેલ આરોપીને જોઈ ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરેલ જેમાં તેઓએ કબુલ કરેલ છે કે સામન્ય રીતે કોઈપણ જગ્યાએ બનાવ બને ત્યારે ઘણા માણસો ભેગા થઈ ગયેલા હોય છે. બનાવ વાળી જગ્યાએ એ હાઈવે રોડ છે અને ઘણા વાહનોની અવર જવર થતી હોય છે.

**(૨૪)..** અકસ્માતનો ગુનો હોય તો પ્રોસીકયુશને ગતી અને બેદરકારી સચોટ સબળ અને બળવત્તર પુરાવાથી સાબિત કરવી જોઈએ. આ કામે જે પુરાવો રજુ થયેલ છે તે લક્ષમાં લેતા ફરીયાદપક્ષ વાહનની ગતી અને આરોપીની બેદરકારી સાબિત કરી શકેલ નથી અને તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૨૫)..** આ કામે ફરીયાદી પક્ષે આરોપી સામે ઈ.પી.કો.ક. ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે પરંતુ ફરીયાદ પક્ષે જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તમામ પુરાવા ધ્યાને લેતાં આરોપી સામે આક્ષેપિત ગુનાઓ પ્રથમ દર્શનિય પુરવાર કરી શકેલ નથી વધુમાં આ કામે રજુ દસ્તાવેજી પુરાવામાં રજુ થયેલ ફરીયાદ તથા પંચનામા પ્રથમ દર્શનિય પુરવાર કરી

શકેલ નથી આમ તમામ મૌખિક કે દસ્તાવેજી પુરાવામાં આરોપીએ પૂરઝડપે અને બેદરકારી પૂર્વક ડ્રાયવીંગ કરી ગુનો કરેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી. આમ ઉપરોકત તમામ ચર્ચા મુજબ ભારતીય પુરાવા ધારા ૧૮૭૨ની કલમ–૫૯માં જણાવ્યા મુજબનો મૌખિક પુરાવો કલમ–૬૦ની જોગવાઈમાં જણાવ્યા મુજબનો એવો પ્ર ત્યક્ષદર્શી પુરાવો હોવો જોઈશે કે જેણે આરોપીને એવુ કઈ કૃત્ય કરતા જોયેલ હોય મુજબ વ્યાખ્યાયિત થતો હોય અને ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ની જોગવાઈમાં જણાવ્યા મુજબ આવી વ્યકિતએ આરોપીએ ગુનો કરેલ હોવાનુ સાબિત કરવાની પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. સદર કામે આરોપીએ પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત કરેલ હોય તેવુ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૨૬)..** હાલના કામે પ્રોસીકયુશન તરફથી જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે સાહેદોની જુબાનીથી આ કામના આરોપીએ ઈ.પી.કો.કલમ : ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનુ નિ:શંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨નો જવાબ આખરી હુકમમાં નીચે મુજબ આપવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપી અનવરમીયા કાલુમીયા શેખ રહેવાશી–હડીયોલ પુલ છાપરીયા, કસ્બા, તા.હિંમતનગર, જી.સાબરકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૫૫ (૧) અન્વયે ઈ.પી.કો.કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪, મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબના રૂા.૫,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

હુકમ આજ તારીખ : ૩૦, માહે : ઓકટોબર, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો..

**તારીખ : ૩૦–૧૦–૨૦૨૫**
**મુકામ: મોડાસા.**

**( એમ.એસ.દવે )**
**એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**મોડાસા.**
**જજ કોડ નં. જીજે ૦૦૭૬૦**